# Career Counselling and Development Centre

## SAURASHTRA UNIVERSITY

CCDC

104, 1st Floor, Academic Centre, B/h. Central Bank of India.
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

Accredited Grade 'A' by NAAC [CGPA 3.05]

*Co-ordinator*
Dr. Nikesh A. Shah


Ref. :
Date : 1-11-2017

## પ્રેસનોટ

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા TAT - 1 & 2 (ટાટ–૧ અને ૨)ના વર્ગો માટે વીકએન્ડ બેચનું આયોજન..... તા. ૧૧–૧૧–૨૦૧૭ થી શરૂ થશે.....

---

પ્રવર્તમાન સમયમાં શિક્ષક થવા માટે બી.એડ્.ની પદવી ઉપરાંત વિદ્યાર્થીઓએ ટેટ અને ટાટ જેવી પરીક્ષાઓ આપવાની થાય છે. આ પરીક્ષાઓને આધારે છેલ્લા પાંચ–સાત વર્ષમાં અસંખ્ય યુવાનોને શિક્ષક તરીકે રોજગાર પ્રાપ્ત થાય છે. બી.એડ્.ના જ ગુણને બદલે વિદ્યાર્થીએ આપવાની થતી સ્પર્ધાત્મક પરીક્ષા અત્યંત મહત્વની હોય છે. વિદ્યાર્થી આ પરીક્ષામાં સફળતા મેળવી શકે તે માટે જરૂરી માર્ગદર્શન મેળવી શકે તેવા હેતુસર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સીસીડીસી સેન્ટર અને શિક્ષણ વિદ્યાશાખાના સંયુક્ત પ્રયાસથી વિદ્યાર્થીઓને કોચીંગ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જે વિદ્યાર્થીઓએ બી.એડ્.નો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય તે તમામ વિદ્યાર્થીઓ આ કોચીંગમાં માર્ગદર્શન મેળવવા આવી શકશે. આ માર્ગદર્શન વખતે વિદ્યાર્થીઓને સામાન્ય જ્ઞાન, ભાષાકીય જ્ઞાન ઉપરાંત ટેટ–ટાટની પરીક્ષા માટે જરૂરી એવું શિક્ષક અભિયોગ્યતા માટેની તૈયારી કરાવવામાં આવનાર છે.

આ તાલીમ વર્ગો **તા. ૧૧–૧૧–૨૦૧૭ થી દર શનિવારે (સમય બપોરે ૨ થી ૬) અને રવિવારે (સમય સવારે ૮ થી ૨)** એમ સપ્તાહમાં બે દિવસ ચાલુ રહેશે. જે વિદ્યાર્થીઓ જોડાવવા માંગતા હોય તેઓએ સીસીડીસી કાર્યાલય ૧૦૪, એકેડેમિક સેન્ટર, પ્રથમ માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ ખાતે રૂબરૂ આવી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તા. ૦૨–૧૧–૨૦૧૭ થી રજાના દિવસ સિવાય સવારે ૧૧ થી ૪ દરમિયાન કરાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન સમયે સ્કૂલ લિવિંગની ઝેરોક્ષ, ટાટ–૧ અને ૨ નું ઓજસમાં ભરેલ ઓનલાઈન એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ, બી.એડ. છેલ્લા સેમેસ્ટરની માર્કશીટની ઝેરોક્ષ, બે પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે લાવવાના રહેશે. રજિસ્ટ્રેશન ફી પેટે રૂ. ૧,૦૦૦/– નિર્ધારીત કરવામાં આવેલ છે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોવાથી વહેલા તે પહેલાના ધોરણે વર્ગમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. તાલીમ વર્ગો માટે બીજી અન્ય કોઈ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી.

આ તાલીમ વર્ગોને સફળ બનાવવા માટે એજ્યુકેશન ફેકલ્ટીના ડીનશ્રી ડો. જનકભાઈ મકવાણા, અધરધેન ડીનશ્રી ડો. નિદત્તભાઈ બારોટ અને સીસીડીસીના કોર્ડીનેટર પ્રો. નિકેશ એ. શાહ તથા "ટીમ સીસીડીસી" દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)